

ઘ-૬ સર્કલે ગાય અને આખલાના જમાવડાએ ટ્રાફીકને અવરોધ્યો હતો. ઉલ્લેખનીય છે કે હવે ગાય કરતા આખલાની સંખ્યા શહેરમાં વધી ગઈ છે. જેથી વાહનચાલકો તેમજ રાહદારીઓમાં અકસ્માતની દહેશત વધી ગઈ છે. તંત્ર દ્વારા સત્વરે યોગ્ય કાર્યવાહી કરી ઢોરોના ત્રાસથી નગરજનોને રાહત આપવી જોઈએ તેવી માંગ સર્વત્ર ઉઠી છે. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ઘર વખરીના સામાન વચ્ચે દારૂનો જથ્થો સંતાડીને લઈ જવાતો ટ્રક પકડાયો

આર.આર.સેલે ચંદ્રાલા પાસેથી આઈશર ટ્રક પકડી : ૭.૭૫ લાખના મુદ્દામાલ સાથે હરિયાણાના શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૯

હિંમતનગર-ડિલોડા હાઈવે પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી ટ્રક આવી રહી હોવાની બાતમીને આધારે ગાંધીનગર આર.આર.સેલે ચંદ્રાલા પાસે વૉચ ગોઠવીને આજે ઘરવખરીના સામાન વચ્ચે મસમોટો દારૂનો જથ્થો સંતાડીને લઈ જવાતો ટ્રક ઝડપી પાડ્યો છે. આર.આર.સેલે રૂ. ૭.૭૫ લાખના મુદ્દામાલ સાથે હરિયાણાના એક શખ્સની ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે. ઘરવખરીના સામાન વચ્ચેથી ટીમે એક પછી એક ૮૦૪ નંગ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો કાઢીને જપ્ત કરી છે.

ગાંધીનગર રેન્જ ડીઆઈજીપીની સ્કવૉર્ડ આર.આર. સેલના પી.એસ.આઈ. બોડાણા તથા તેમની ટીમને મળેલી બાતમીને આધારે આજે હિંમતનગર-ચિલોડા હાઈવે પર ચંદ્રાલા ગામની સીમમાં હોટલ ભેરૂનાથ પાસે વૉચ પર ગોઠવાઈ ગયા હતા. બાતમીવાળી આઈશર ટ્રક નં. એચ.આર.૬૩-બી-૪૧૫૮ ચંદ્રાલા પાસે પહોંચતા જ આર.આર.સેલે ટ્રક પકડી પાડી હતી. ટ્રકમાં તપાસ કરતા અંદરથી બાઈક, સોફા સહિત ઘરવખરીનો તમામ સામાન પડ્યો હતો. ઘરવખરીનો સામાન બહાર કાઢીને તપાસ કરી તો અંદરથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની પેટીઓ (૮૦૪ નંગ દારૂની બોટલો) મળી આવી હતી. પોલીસે રૂ. ૨.૭૫ લાખનો દારૂનો જથ્થો તથા ટ્રક અને ડ્રાઈવરનો મોબાઈલ મળીને રૂ. ૭.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક હરિયાણાના શખ્સ પવન સુખબીરસિંગ કાછલાની ધરપકડ કરી લઈ ઊંડી તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૨૧માં ૧૩૭ રખડતી ગાયોથી પારાવાર હાલાકી : ગંદકી અને અકસ્માતો વધ્યા

જ્યોતિ મહિલા મંડળે સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી

ગાંધીનગર, તા. ૨૯

શહેરના હાર્દસમા સેક્ટર-૨૧ માં શાકમાર્કેટમાં દિવસે-દિવસે સમસ્યા ઘટવાને બદલે વધતી જાય છે. શાક માર્કેટમાં ગંદકી, રખડતા પશુઓના કારણે નગરજનોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. પાલિકાના અધિકારીઓ ક્યારેક ઓચિંતી મુલાકાત કરી જતા રહે છે. ત્યારબાદ પરિસ્થિતિ ઠેરની ઠેર થઈ જાય છે. સમસ્યાનું નિવારણ લાવવા જ્યોતિ મહિલા મંડળે પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગર શહેરની ખુલ્લી જગ્યામાં તેમજ શાકમાર્કેટ, જાહેર બગીચા, વિશાળ રોડ પર જાણે રખડતા પશુઓનું નામ સાત-બારના ઉતારામાં હોય તેમ હક કરી અડ્ડો જમાવી બેસી જાય છે. સેક્ટર-૨૧માં આવેલ શાક માર્કેટમાં રખડતી ગાયોનો ત્રાસ વધી જવા પામ્યો છે અને અવાર-નવાર ખરીદી કરવા આવતા નગરજનો આનો શિકાર બને છે.

જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી અને ચેતના બૂચ જણાવે છે કે શાકમાર્કેટમાં રખડતી ૧૩૭ ગાયોથી અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે અને માર્કેટમાં જાણે ગાયોને એકલવાયુ ન લાગે એટલે કુતરા પણ સાથ આપવા આવી ગયા છે. જેથી પહેલા ફક્ત ગાયોનો ત્રાસ હતો હવે રખડતા કુતરાનો પણ ત્રાસ વધી જવા પામ્યો છે.

શાકમાર્કેટના મુખ્ય દરવાજે પહેલા ચોકીદાર બેસાડવામાં આવતો હતો, પરંતુ ચોકીદાર ન હોવાથી હવે ગાયો અને કુતરા માર્કેટની અંદર પોતાનો અડ્ડો જમાવી બેસે છે. ખરીદી કરતી મહિલાઓની થેલીમાં મોં નાખી પાછળ પાછળ દોડે છે. જેનાથી ઈજાગ્રસ્ત થવાના બનાવો બનવા પામે છે.

શહેર સુવર્ણ નગરી બને તે માટે મનપા દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવે છે છતાં પણ ગંદકી દૂર થતી નથી. અધિકારીઓ ક્યારેક અચાનક સપાટો પાડી વેપારીઓને દંડે છે. પરંતુ ત્યાર બાદ પરિસ્થિતિ ઠેરની ઠેર રહે છે. ત્યારે નગરજનોને આ પરિસ્થિતિમાંથી છુટકારો અપાવવા, રખડતા પશુઓ અને માર્કેટની ગંદકી સાફ કરાવવા જ્યોતિ મહિલા મંડળે માંગ કરી છે.

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પણ ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે આજે સવારે ઢોલ-ત્રાંસા સાથે વાજતે-ગાજતે ગજાનંદ ગણપતિની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ ભાવપૂર્વક ગણેશજીની આરતી-સ્તુતિ કરી હતી અને મોદકના પ્રસાદને માણ્યો હતો. (નટુભાઈ પટેલ, ચિલોડા)

આ છે મારા ઈકો ફ્રેન્ડલી ગણપતિ દાદા

ચોતરફ ગણપતિની ભક્તિનો માહોલ છવાયો છે. જેમાં અબાલ-વૃદ્ધ સૌ-કોઈ વિઘ્નહર્તા શ્રીજી ભગવાનની પધરામણીથી આનંદ ઉત્સાહમાં આવી ગયા છે. જો કે ગણેશોત્સવના વધી રહેલા આયોજનો વચ્ચે શ્રદ્ધા અને ભક્તિના કેફમાં પર્યાવરણનું જતન ભુલાઈ જાય છે. વાવોલના શાલીન-૪ માં રહેતા ફેનિલ રામી નામના ભૂલકાએ પોતાના હાથે માટીના ગણેશ બનાવી સ્થાપન કર્યું હતું. તેવા આ 'ઈકો ફ્રેન્ડલી' ગણેશજી તમામ લોકો માટે ઉદાહરણરૂપ છે.

ગણેશોત્સવ નિમિત્તે આજના કાર્યક્રમો

- સે. ૨૨ રંગમંચ ખાતે બપોરે ૨.૦૦ વાગે પારૂલબેન દ્વારા આનંદનો ગરબો રજૂ કરાશે. સાંજે ૮.૩૦ વાગે ગાંધીનગર પનઘટ ગ્રૂપ દ્વારા લોક નૃત્યનો ભવ્ય કાર્યક્ર યોજાશે.
- સે. ૬ ના ભુવનેશ્વર મહાદેવ ખાતે ગણેશોત્સવમાં હાસ્યના બેતાજ બાદશાહ સાંઈરામ દવેનો કાર્યક્રમ યોજાશે.
- સે. ૩-ડી ખાતે ગણપતિ ઉત્સવમાં લોક ગાયિકા સુલોચનાબેન વ્યાસ અને સાહિત્યકાર વિપુલભાઈ શ્રીમાળીનો સંતવાણી-ડાયરાનો કાર્યક્રમ યોજાશે.
- સે. ૨-સી ખાતે ગણેશ મહોત્સવમાં વસંત-પરેશનો હાસ્ય દરબાર યોજાશે. આ સાથે માધુભાઈ ભારોડીયા પણ તેમનો સાથ આપશે.

ભારતીય કિસાન સંઘ દ્વારા બલરામ જયંતિ નિમિત્તે બે દિવસીય કાર્યક્રમનું આયોજન

બલરામ પરિસર ખાતે થનાર ઉજવણીમાં વિશિષ્ટ પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન કરાશે : બલરામજીની પૂજા-મહાઆરતી કરાશે : ગામેગામ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

આગામી તા. ૩૧ મી ઓગસ્ટે ભાદરવા સુદ છઠના દિવસે બલરામ જયંતિ છે. આ દિવસ કિસાન દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસે ભારતીય કિસાન સંઘ દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં ગુજરાતમાં જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન મહિલાઓનું સન્માન કરવામાં આવનાર છે.

ભારતીય કિસાન સંઘ દ્વારા આયોજિત બલરામ જયંતિ મહોત્સવ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં મહિલા સભા-નારી પ્રતિભા સન્માન સહિત બલરામજીને શણગાર, પૂજન-મહાઆરતી, ઘંટારવ-ધ્વજારોહણ, પ્રસાદ વગેરેનું પણ આયોજન થશે. આ પ્રસંગે સે. ૧ માં આવેલ સમરદર્શન આશ્રમના ગુરૂમા સમાનંદજી સમારોહના અધ્યક્ષપદે તેમજ ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન અંકોલીયા અને સંઘના સંગઠનમંત્રી દિનેશ કુલકર્ણી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન કરાશે. આ કાર્યક્રમમાં રાજયના દરેક જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત કિસાન સંઘ દ્વારા ગુજરાતભરમાં ગ્રામ સમિતિઓ અને તાલુકા સમિતિઓ દ્વારા વિવિધ સ્થાનો પર કાર્યક્રમો યોજવામાં આવશે. કિસાન સંઘ દ્વારા સંગઠન-સંરચના વર્ષ નિમિત્તે સંગઠનને સુદૃઢ કરવા તા. ૩૧મી ઓગસ્ટથી ૧લી સપ્ટેમ્બર દરમિયાન બે દિવસ માટે ગુજરાતની ૨૦૦ મહિલાઓનો અભ્યાસવર્ગ પણ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. આ અભ્યાસવર્ગમાં મહિલાઓનું પ્રદાન, પરિવાર પ્રબોધન, ગર્ભવિદ્યા વિજ્ઞાન, મહિલા સશક્તિકરણ, મૂલ્ય સંવર્ધન-પશુપાલન, સજીવખેતી, મહિલા ગૃહઉદ્યોગ, સ્વદેશી, રાષ્ટ્રીય વિચાર ધારા જેવા વિષયો પર માર્ગદર્શન સત્ર યોજાશે. તા. ૧ થી સપ્ટેમ્બરે આણંદની કૃષિ યુનિવર્સિટી ખાતે એગ્રો ઈકોનોમિક રીસર્ચ સેન્ટરની બેઠક યોજાશે. જેમાં અનેક કૃષિ તજજ્ઞો ભાગ લેશે.

પ્રકૃતિના ભિનારૂપને નિહાળતો કલરવ સંસ્થાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં બાળ પ્રવૃત્તિમાં સક્રિય સંસ્થા કલરવ સંસ્થામાં વર્ષ-૨૦૧૪-૧૫ માં ૨૦૦ થી પણ વધુ બાળ મિત્રો જોડાયા છે. બાળ મિત્રોને પ્રકૃતિ સૌંદર્યનો આનંદ માણવાના એક કાર્યક્રમ તાજેતરમાં સેક્ટર-૨૮ બાલોદ્યાન ખાતે યોજાયો હતો.

સેક્ટર-૨૮માં કૃષ્ણ જન્મોત્સવ, બોધવાર્તા સાંભળવા સહિત, રમતા-ભમતા, મોજ મસ્તી માણી હતી. ઉપરાંત મટકી ફોડીને બાળ મિત્રોએ માખણ લુંટવાનો અનેરો આનંદ માણ્યો હતો. આ અનેરા આનંદમાં ૭૦ થી વધુ બાળ મિત્રોએ ડબ્બા ઉજાણી પણ કરી હતી. બાળ મિત્રોમાં સહજતાથી ભળી જનારા રાજ્યના માહિતી કમિશનર વી.એસ. ગઢવી નિવૃત્ત મેડીકલ કોલેજના પૂર્વ ડીન પણ જોડાયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ કમલ જૈન, ડૉ. પિયુષ દવે, આશા સરવૈયા, વર્ષા પારેખ, કુ. જયશ્રી ખેતિયા, સપના જૈન, કલ્પના ઠાકર, ઉમાબેન ભટ્ટ, હિમાદ્રીબેન વ્યાસ, અનીલ જૈન અને નરેશ ઠાકરે જહેમત ઉઠાવી છે.

આજે સિવિલ હોસ્પિટલ ખાતે હજયાત્રીકો માટે રસીની વ્યવસ્થા કરવામાં આવી

ગાંધીનગર જિલ્લામાંથી હજયાત્રા માટે જનાર હજયાત્રીકો માટે જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે પી.પી. યુનિટ વિભાગમાં રસી આપવામાં આવશે. રસી બે દિવસ આપવામાં આવશે. તા. ૩૦ ઓગસ્ટ, શનિવાર, ૯ થી ૧૧ અને તા. ૨ સપ્ટેમ્બર મંગળવાર, સવારે ૯ થી ૧૧ દરમિયાન રસી આપવામાં આવશે. દરેક હજયાત્રીએ આ રસીનો અવશ્ય લાભ લેવા સિવિલ હોસ્પિટલના તબીબ અધિક્ષકે જણાવ્યું છે.

એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સેકન્ડરી સ્કુલ સંસ્કૃત સમુહ ગાનમાં પ્રથમ

ભારત વિકાસ પરિષદની રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા યોજાઈહતી. જેમાં સેકન્ડરી વિભાગમાં સંસ્કૃત સમુહગાનમાં એમ.બી. પટેલ અંગ્રેજી મીડીયમ અને સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલનો પ્રથમ ક્રમ આવ્યો હતો. હિન્દી સમુહ ગાનમાં દ્વિતીય ક્રમ મળેલ હતો.

જેમાં એ.એફ.એસ. અંતર્ગત ઈન્ડોનેશિયાથી આવેલ જોડીને પણ ભાગ લીધો હતો અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી હતી.

શાહપુર બસ સ્ટેન્ડ પાસેથી પાંચ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર નજીક સ્થિત શાહપુર ગામના બસ સ્ટેન્ડ પાસે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડી પાંચ જુગારીઓની રંગેહાથ ઝડપી પાડ્યા હતા. શાહપુર ગામના જ પાંચેય શખ્સો ચિરાગ કાન્તી પટેલ, હિમાંસુ કાળા ઠાકોર, મેલા છના ઠાકોર, વિશાલ મન્ની પટેલ અને નરેશ બાબુ પટેલની રૂ. ૫ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



'ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ' ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૧ શાલીન કોમ્પલેક્ષ ખાતે ઈન્ડિયન રેડક્રોસના સહયોગથી એક રક્તદાન શિબિરનું આયોજન 'ગણેશ ચતુર્થી'ના પાવન દિવસે કરવામાં આવ્યું હતું. જ્યાં ૫૯ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે 'ઉડાન ચેરીટેબલ ટ્રસ્ટ' બાળકો અને મેડીકલને લગતી સેવાકીય પ્રવૃત્તિઓને વિશેષ પ્રાધાન્ય આપે છે. થોડા સમય અગાઉ સેક્ટર-૨૦ પ્રાથમિક શાળા ખાતે ધોરણ ૧ થી ૧૨ ના ગરીબ પરીવારમાંથી આવતા બાળકો માટે રાત્રી શાળાનું આયોજન કર્યું હતું. જે દ્વારા મહેનત-મજૂરી કરનાર બાળકો દિવસે તો કામ કરે પણ સાંજે અભ્યાસનો લાભ લઈ શકે. (તસવીર : કશ્યપ નીમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૨
સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૮ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

રાજા નટવરલાલ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

રાજા નટવરલાલ : ૧૨.૩૦
સિંઘમ રિટર્ન્સ : ૩.૪૫, ૯.૪૫
મર્દાની : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

સ્ટેપ અપ ઓલ ઈન (૩ડી) (અંગ્રેજી) : ૧૧.૦૦, ૩.૪૫, ૮.૦૦
ટીનેઝ મુટન્ટ નીન્જા ટર્ટલ્સ (૩ડી) અંગ્રેજી : ૧.૪૫, ૬.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

રાજા નટવરલાલ : ૧૦.૦૦
મર્દાની : ૧.૦૦
બે યાર (ગુજરાતી) : ૪.૦૦
પેરુચાઝી (મલયાલમ) : ૭.૦૦
રભાસા (તેલુગુ) : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫
મર્દાની : ૧૦.૦૦ (નાઈટ)
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૦.૦૦ (મોર્નિંગ)

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાજા નટવરલાલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

નવેમ્બર મેન : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સિંઘમ રિટર્ન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

આપણે તો ધીરુભાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
ટ્રીપ ટુ ભાનગઢ : ૧૨.૩૦, ૧૦.૦૦
મર્દાની : ૩.૦૦, ૮.૦૦

આપની આજ

મેષ : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારઓ થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

વૃષભ : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે. સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે.

મિથુન : માનસિક અસ્થિરતા દૂર થશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. પૂર્વમાં કરેલા કાર્યોનું પરિણામ પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની શક્યતાઓ છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

કર્ક : કૌટુંબિક સુખ અને આર્થિક અનુકૂળતાથી મન પ્રસન્ન રહેશે. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. ઈશ્વર આરાધનાથી કાર્ય આરંભ કરવું.

તુલા : આર્થિક રોકાણ વિચારીને કરવું. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

મકર : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

કુંભ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

મીન : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

ચિરવિદાય

- સ્વ. ચંબાબેન ગફુરજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. ફતેપુરા, પેથાપુર, તા.જી. ગાંધીનગર.
- સ્વ. અંબાલાલ મંગાજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રંજનબેન વિજયજી સોલંકી (ઉ.વ.૨૧) મુ. પો. આલમપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. લાલાભાઈ ફુલચંદભાઈ દંતાણી (ઉ.વ.૪૦) પેથાપુર, તા.જી. ગાંધીનગર